# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 26-03-2026 Day: Thursday Morning : 7.40 to 7.45 am**

આકાશવાણી ભુજ સમાચાર **કલ્પના શાહ** વાંચે છે.

---

## કેન્દ્રીય મંત્રી મંડળ-ઉડાનના લોન્ચને મંજુરી:

કેન્દ્રીય મંત્રીમંડળે ગઈકાલે આગામી દસ વર્ષના સમયગાળા માટે 28,હજાર 840 કરોડના કુલ ખર્ચ સાથે પ્રાદેશિક જોડાણ યોજના - સુધારેલી "ઉડાન" યોજનાના લોન્ચ અને અમલીકરણને મંજૂરી આપી. નવી દિલ્હીમાં મંત્રીમંડળની બેઠક બાદ મીડિયાને માહિતી આપતા, માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું કે 100 એરપોર્ટ એવા સ્થળોએ વિકસાવવામાં આવશે જ્યાં હાલમાં હવાઈ પટ્ટીઓનો અભાવ છે. આનાથી પછાત અને અછતગ્રસ્ત વિસ્તારોમાં પ્રાદેશિક હવાઈ જોડાણમાં સુધારો થશે. જેથી આર્થિક વિકાસ, વેપાર અને પર્યટનને પણ વેગ મળશે અને સામાન્ય લોકો માટે સસ્તી હવાઈ મુસાફરીની સુવિધા પૂરી પડાશે.

---

## સંરક્ષણમંત્રી-સર્વપક્ષીય બેઠક :

સંરક્ષણ મંત્રી રાજનાથસિંહની અધ્યક્ષતામાં એક સર્વપક્ષીય બેઠક યોજાઇ હતી. પશ્ચિમ એશિયાના મુદ્દા પર નવી દિલ્હીમાં યોજાયેલ આ બેઠકમાં પશ્ચિમ એશિયામાં વધતા તણાવ અંગે, ખોરવાઈ ગયેલા મહત્વપૂર્ણ દરિયાઈ માર્ગો અંગે અને ખાડી દેશોમાં ભારતીય નાગરિકોની સલામતી અંગે ચર્ચાઓ કરાઈ હતી.

---

## પેટ્રોલિયમ મંત્રાલયના સંયુક્ત સચિવની સ્પષ્ટતા:

નવી દિલ્હીમાં ગઈકાલે પશ્ચિમ એશિયામાં તાજેતરના વિકાસ અંગે આયોજિત આંતર-મંત્રીસ્તરીય પત્રકાર પરિષદને સંબોધતા, પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલયના સંયુક્ત સચિવ, સુજાતા શર્માએ સ્પષ્ટતા કરી હતી કે પેટ્રોલ અને ડીઝલના ભાવમાં કોઈ વધારો થયો નથી.

PNG વિસ્તરણ વિશે વાત કરતા, તેમણે કહ્યું કે છેલ્લા 25 દિવસમાં, લગભગ અઢી લાખ નવા કનેક્શન પૂરા પાડવામાં આવ્યા છે તેમજ અંદાજિત 2.2 લાખ ગ્રાહકો LPG થી PNG તરફ સ્થળાંતરિત થયા છે.

---

## ગુજરાત ચિકિત્સા સંસ્થા નોંધણી અને નિયમન સુધારા વિધેયક પસાર:

ગુજરાત વિધાનસભાનું અંદાજપત્ર સત્ર ગઈકાલે પૂર્ણ થયું. સત્ર દરમિયાન અનેક મહત્વના વિધેયક પસાર કરાયા. ગૃહમાં ગુજરાત ચિકિત્સા સંસ્થાઓ-નોંધણી અને નિયમન સુધારા વિધેયક 2026 વિના વિરોધે પસાર થયું. આ સુધારા અનુસાર નોંધણી માટે 30 એપ્રિલ, 2026 સુધીની મર્યાદા દૂર કરાઈ છે, હવે રાજ્ય સરકાર જાહેરનામા દ્વારા વખતોવખત મુદત નક્કી કરી શકશે. આ અંગે વધુ માહિતી આપતા આરોગ્ય મંત્રી પ્રફુલ પાનશેરિયાએ કહ્યું, આ વિધેયકથી આરોગ્ય સેવાઓની ગુણવત્તા જળવાઈ રહેવાની સાથે નાગરિકો છેતરપિંડીનો ભોગ બનતા અટકશે.

---

## 'આઈ-ખેડૂત' પોર્ટલ:

વર્ષ 2026-27માં કૃષિ વિભાગના 148 ઘટકો હેઠળ સહાય મેળવવા 'આઈ-ખેડૂત' પોર્ટલ આવતીકાલ 27 માર્ચથી એક મહિના માટે ખુલ્લું મુકાશે. આ જાહેરાત કરતાં કૃષિ મંત્રી જીતુ વાઘાણીએ જણાવ્યું હતું કે, અંદાજપત્ર પસાર થયાના ગણતરીના દિવસોમાં જ નવા વર્ષ માટે

**પોર્ટલ ખુલ્લું મૂકવા વાળો કૃષિ વિભાગ સંભવતઃ રાજ્યનો પ્રથમ વિભાગ બનશે. ખેતીવાડી ખાતાના 42, બાગાયત ખાતાના 94 અને પશુપાલન ખાતાના 12 ઘટકો માટે ખેડૂતો અરજી કરી શકશે. ખેડૂતો આધાર ઓથેન્ટિકેશન દ્વારા પોતે અથવા ગ્રામ પંચાયત સ્તરેથી નોંધણી કરાવી શકશે.**

**------------------------------------------------------------------------------------------**

## ચૈત્રી નવરાત્રિ-આઠમનું પર્વ:

**આજે ચૈત્રી નવરાત્રી પર્વનું આઠમનું પર્વ હવનાષ્ટમી તરીકે શ્રદ્ધા અને ભક્તિ ભાવ પૂર્વક ઉજવાઈ રહ્યું છે. આજે વિવિધ મંદિરોમાં હવન વિધિ યોજાશે, એ પછી માતાજીને નવૈદ્ય ધરાવશે એ સાથે નવરાત્રી પર્વનું સમાપન થશે. દરમ્યાન પ્રખ્યાત યાત્રાધામ આશાપુરા માતાજીના સ્થાનક માતાના મઢ ખાતે જાગીર અધ્યક્ષ રાજાબાવા યોગેન્દ્રસિંહજીના હસ્તે ભાવિકોની મોટી ઉપસ્થિતિ વચ્ચે શ્રીફળ હોમવાની વિધિ સંપન્ન થઈ હતી. ભુજના આશાપુરા માતાજીના મંદિરમાં પણ હવન યોજાયો હતો.**

**------------------------------------------------------------------------------------------**

## ભુજના ઐતિહાસિક રઘુનાથજી મંદિરે આવતીકાલે રામનવમીની ઉજવણી :

**જીલ્લા મથક ભુજના 400 વર્ષ જુના ઐતિહાસિક રઘુનાથજી મંદિરમાં આવતીકાલે શુક્રવારે રામનવમી ઉત્સવ પરંપરાગત રીતે ઉજવાશે.સવારથી શૃંગાર,મંગળા આરતી,વિશેષ પુજન અર્ચન,શોભાયાત્રા,રામ જન્મ, આરતી, પ્રસાદ, ભજન,ધુન સહિતના ધાર્મિક આયોજનો કરાશે.**

**------------------------------------------------------------------------------------------**

# જિલ્લામાં ઈંધણ વપરાશમાંથી સરકારને 252 કરોડ રૂપિયાની વેરા પેટે આવક:

જીલ્લામાં દૈનિક થતા ઈંધણના વપરાશની જે રકમ ચૂકવવામાં આવે છે તેમાં જુદા-જુદા વેરા પેટે મહિને રૂા.252 કરોડની રકમ સરકારની તિજોરીમાં જાય છે.મધ્ય-પૂર્વના દેશોમાં યુદ્ધની તંગદિલી વચ્ચે સમગ્ર દુનિયામાં ઈંધણ વપરાશમાં તંગી જોવા મળે છે તેની અસર કચ્છ સુધી પહોંચી છે. કચ્છમાં કુલ 346 પેટ્રોલપંપ આવેલા છે અને આ તમામ પંપ ઉપરાંત ઈંધણ વિતરણ કરતી છ ઓઈલ કંપનીઓ પાસેની ક્ષમતા જોઈએ તો ડીઝલનો જથ્થો 1.38 કરોડ લિટર, જ્યારે પેટ્રોલ 57.78 લાખ લિટર જથ્થો સંગ્રહ કરી શકાય છે.જેની સામે જિલ્લા પુરવઠા અધિકારી અર્શ હાશ્મીએ  આપેલ માહિતી મુજબ  કચ્છમાં દરરોજ ડીઝલનો પપરાશ 25 લાખ લિટરની આસપાસ રહે છે, જ્યારે પેટ્રોલની ખપત 4 લાખ લિટર હોય છે. સરેરાશ કચ્છમાં મહિને ડીઝલ 7.20 કરોડ લિટર વાહનોમાં કચ્છીઓ ભરાવે છે જ્યારે પેટ્રોલ 1.20 કરોડ લિટર ભરાવે છે. જેમાંથી સરકારને અંદાજે 25 ટકા જેટલી રકમ વેટ, સેસ અને એકસાઈઝ ડયૂટીના સહિતના વેરા પેટે આવક થાય છે.

-----------------------------------------------------------------------------------------------